TORONTO PUBLIC LIBRARY
37131 163 826 126
SC Scarborough Civic Centre

English - Gujarati

Three Little Pigs

ત્રણ નાના ડુક્કર

UJ
98.24529
HR

© Publishers 2013

Published in India by
Tales & Fables
(a unit of Star Publishing Group, India)
4/5, Asaf Ali Road, New Delhi-110 002
www.starpublic.com
Email : talesandfables@starpublic.com

Printed at
Star Print O Bind, New Delhi-110 020

Three Little Pigs

ત્રણ નાના ડુક્કર

English - Gujarati



TALES & FABLES
Excellence in Children Books

Once upon a time there were three little pigs. All summer long, they roamed through the woods, playing and having a lot of fun.

ઘણા વર્ષો પહેલા ત્રણ નાના ડુક્કર હતા. આખા ઉનાળા દરમિયાન તેઓ જંગલમાં આમ તેમ ભટકતા, રમતા અને ખૂબ મજા કરતા.

But when the summer ended, they realized that they needed something to protect them from the cold and rain. The three little pigs decided to build a house.

પણ જ્યારે ઉનાળાનો અંત આવ્યો ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેમને ઠંડી અને વરસાદ સામે રક્ષણ માટે કંઈક હોવું જરૂરી છે. ત્રણે ડુક્કરોએ એક ઘર બનાવવાનું નક્કી કર્યું.

They sat down to think what kind of house they should build. They thought for a long time but could not agree what to build the house out of. Finally, they decided that they would each build a separate house for themselves.

તેઓ વિચાર કરવા બેઠા કે તેઓએ કઈ જાતનું ઘર બનાવવું જોઈએ. તેઓએ ઘણા સમય સુધી વિચાર કર્યો પરંતુ તે એ નક્કી ન કરી શક્યા કે કઈ ચીજથી ઘર બનાવવું. આખરે, તેઓએ નક્કી કર્યું કે તેઓ દરેક પોતપોતાનું અલગ ઘર બનાવે.

The first pig was the laziest of them all. He decided to build a straw hut. “It is easy to build, and will only take me a day,” he said.

The second pig was also lazy. He decided to build his house with wood. “It will be stronger than the straw hut and take me only two days to build,” said the second pig.

પહેલો ડુક્કર બધામાં સૌથી આળસુ હતો. તેણે એક સૂકા ઘાસની ઝુંપડી બનાવવાનું નક્કી કર્યું. "તે બનાવવું સહેલું છે, અને મને તે માટે એક જ દિવસ લાગશે," તેણે કહ્યું.

બીજો ડુક્કર પણ આળસુ હતો. તેણે પોતાનું ઘર લાકડાનું બનાવવાનું નક્કી કર્યું. "એ સૂકા ઘાસથી વધારે મજબૂત હશે અને તે બનાવતા મને ફક્ત બે જ દિવસ લાગશે," બીજા ડુક્કરે કહ્યું.

The third little pig was the wisest of the three. “I will build a house with bricks. It will require a lot of hard work, but it will be strong enough to protect me from the wind, rain, snow, and most of all, from the wolf!"

ત્રીજો ડુક્કર એ ત્રણેમાં સૌથી વધારે સમજદાર હતો. "હું મારું ઘર ઈંટોથી બનાવીશ. તે માટે ઘણી સખત મહેનત કરવી પડશે, પણ તે મને પવન, વરસાદ, બરફ અને સૌથી ખાસ તો વરૂ સામે રક્ષણ આપશે!"

The three little pigs started working. The straw hut and the wooden house were soon built. But the wisest pig worked hard for many days to build his brick house.

ત્રણે ડુક્કરો કામ કરવા લાગી ગયા. સૂકા ઘાસની ઝૂંપડી અને લાકડાનું ઘર એ તો તરત જ બની ગયા. પણ સૌથી સમજુ ડુક્કરે તેનાં ઈંટનાં ઘર બનાવવા માટે ઘણા દિવસો સુધી મહેનત કરી.

The other two pigs often teased him and said, “You are wasting your time.” But the wise little pig went on building his strong brick house.

Finally, after several days, the brick house was finished. It was very strong, and the wise little pig felt very proud of it.

બીજા બે ડુક્કરે તેની મજાક કરી અને કહ્યું, "તું તારો સમય બગાડે છે." પરંતુ તે નાના સમજુ ડુક્કરે તો તેનું મજબૂત ઈંટોનું ઘર બનાવવાનું ચાલુ રાખ્યું.

આખરે, ઘણા દિવસો પછી, તે ઈંટનું ઘર તૈયાર થઈ ગયું. તે ઘણું મજબૂત હતું અને તે નાના સમજદાર ડુક્કરને તેના વિષે ઘણો ગર્વ હતો.

One day, when the three little pigs were playing, they heard the howl of a wolf. They looked around and saw a big wolf watching them from behind a tree.

The three little pigs ran away immediately. Each little pig hid in his own house that he had built.

એક દિવસ, જ્યારે તે ત્રણે ડુક્કરો રમતા હતા, ત્યારે તેમણે એક વરૂનો અવાજ સાંભળ્યો. તેઓએ આજુબાજુ જોયું તો તેમણે એક ઝાડ પાછળ એક મોટા વરૂને તેમના તરફ તાકી રહેલ જોયો.

ત્રણે નાના ડુક્કરો તરત જ ભાગી ગયા. દરેક ડુક્કર જાતે બનાવેલ પોતપોતાનાં ઘરમાં સંતાઈ ગયો.

The wolf came up to the straw hut and called, "Come out!"

"I won't!" the little pig said from inside his straw hut.

"I'll blow you away!" shouted the wolf. He puffed strongly, and the straw hut blew away instantly.

Scared for his life, the little pig ran to his brother's wooden house.

વરૂ સૂકા ઘાસની ઝુંપડી પાસે આવ્યો અને કહ્યું, "બહાર આવ!"

"હું નહિ આવું!" તે નાના ડુક્કરે પોતાની સૂકા ઘાસની ઝુંપડીની અંદરથી કહ્યું.

"હું તને ફૂંકીને ઊડાવી દઈશ!" વરૂએ રાડ પાડી. તેણે જોરથી શ્વાસ ફૂંક્યો, અને સૂકા ઘાસની ઝુંપડી તરત જ ઊડી ગઈ.

તે મરી જશે તેવા ડરથી તે નાનો ડુક્કર તેના ભાઈનાં લાકડાનાં ઘર તરફ દોડ્યો.

The wolf chased the first lazy little pig to the wooden house and shouted, “Come out!”

“We won’t!” the two little pigs cried out in fear.

The wolf kicked at the walls with all his strength. The wooden house broke down like a house of cards!

વરૂએ તે પહેલા નાના આળસુ ડુક્કર પાછળ લાકડાનાં ઘર સુધી દોટ મારી અને રાડ પાડી, "બહાર નીકળો!"

"અમે નહિ નીકળીએ!" એ બે નાના ડુક્કરોએ ડરીને ચીસ પાડી.

વરૂએ દિવાલો પર તેના બધા જ જોરથી લાત મારી. લાકડાનું ઘર એક ગંજીફાનાં પાનાનાં મહેલની જેમ તૂટી ગયું!



The two little pigs ran up to the brick house of the wisest little pig. The wolf followed them, and shouted again, “Come out!”

“We won't!” the three little pigs shouted from inside.

બંને નાના ડુક્કરો દોડીને સૌથી શાણા નાના ડુક્કરનાં ઈંટોનાં ઘરમાં ભાગી ગયા. વરૂએ તેમનો પીછો કર્યો અને ફરીથી તેણે રાડ પાડી, "બહાર નીકળો!"

"અમે નહિ નીકળીએ!" ત્રણે નાના ડુક્કરોએ અંદરથી રાડ પાડી.

The wolf tried his best to break the house, but the house did not blow away. Then he dashed against the house with all his might and the house still didn't come down.

Finally, the wolf tried to outsmart the three little pigs and climbed up on the roof to enter the house through the chimney.

વરૂએ ઘર ભાંગી નાંખવાનો બહુ પ્રયત્ન કર્યો, પરંતુ તે ઘર તૂટી શક્યુ નહિ. પછી તેણે ઘરને તેની બધી તાકાતથી ધક્કો માર્યો અને તે છતાં પણ તે ઘર ન પડી ગયું.

છેલ્લે, વરૂએ ત્રણ નાના ડુક્કરોથી વધારે ચાલાકી કરી અને ચિમનીમાંથી ઘરમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરવા માટે છાપરા પર ચડી ગયો.



The wise little pig saw what the wolf was trying to do. He decided to teach the wolf a lesson. He lit a big fire in the fireplace under the chimney. As the wolf jumped down the chimney, he landed in the fire!

નાના સમજદાર ડુક્કરને ખ્યાલ આવી ગયો કે વરૂ શું કરવાનો પ્રયત્ન કરે છે. તેણે વરૂને એક પાઠ શીખવાડવાનું નક્કી કર્યું. તેણે ચિમની હેઠળની ભઠ્ઠીમાં એક મોટી આગ પેટાવી. જેવો વરૂએ ચિમનીમાંથી નીચે ભુસ્કો માર્યો કે તરત જ તે આગમાં પડ્યો!

The wolf cried out with pain as his tail caught fire. “I’ll never climb down a chimney again!” he swore to himself as he ran away in pain.

તેની પૂંછડીમાં આગ લાગી ગઈ અને વરૂએ પીડાથી ચીસ પાડી. "ફરીથી હું ક્યારે પણ ચિમની વાટે નીચે નહિ ઊતરું!" તેણે પીડામાં ભાગતા ભાગતા સોગન લીધા.

The three little pigs started dancing with happiness. The very next day, they started building two new brick houses.

A few days later, the wolf again came near the houses of the three little pigs. But when he saw three chimneys, he remembered his burnt tail and ran away.

ત્રણે ડુક્કરો ગેલમાં આવીને નાચવા માંડ્યા. પછી બીજા જ દિવસે તેઓએ બે નવા ઈંટોનાં ઘરો બનાવવાનું ચાલુ કરી દીધું.

થોડાક દિવસો પછી વરૂ ફરીથી તે ત્રણ નાના ડુક્કરોનાં ઘર નજીક આવ્યો. પણ જેવી તેણે ત્રણ ચિમની જોઈ કે તેને તેની બળેલ પૂંછડી યાદ આવી અને તે ભાગી ગયો.

This dual language series
of FAIRY TALES is available in
Hindi - Gujarati - Bengali - Urdu - Tamil - Punjabi
Arabic - Korean - Vietnamese - Mandarin - Spanish





TORONTO PUBLIC LIBRARY
37131 163 826 126



English - Gujarati

Three Little Pigs

ત્રણ નાના ડુક્કર

Translated by : Transs Creations
and revised by Neerav Desai

TALES & FABLES
Excellence in Children Books

9789382809258

T2-BOO-045